ક્રમાંકઃ ગુજકા/વેટ/૬/૨૦૦૮-૦૯/જા. ૭૮/૭૦

વાણિજ્યિક વેરા કમિશનરની કચેરી
ગુજરાત રાજય,
સી/૨, વાણિજ્યિક વેરા ભવન,
આશ્રમરોડ, અમદાવાદ-૩૮૦૦૦૯
તારીખઃ ૧/૦૬/૨૦૦૯

જા હે ર પ રિ પ ત્ર

વિષયઃ કેન્દ્રીય વેચાણવેરા (રજીસ્ટ્રેશન અને ટર્નઓવર) નિયમો,૧૯૫૭ ના નિયમ-૧૨(૭) મુજબ રજુ કરવાનાં થતાં ફોર્મ 'સી' 'ઇ-૧', 'ઇ-ર' અને 'એફ' બાબત

સંદર્ભઃ અત્રેનો જાહેર પરિપત્ર ક્રમાંકઃ ગુજકા/વેટ/૬/૨૦૦૮-૦૯/જા.૬૮/૬૧ તા.૧૯.૨.૨૦૦૯

કેન્દ્રીય વેચાણવેરા (રજીસ્ટ્રેશન અને ટર્નઓવર) નિયમો,૧૯૫૭ ના નિયમ-૧૨ ના પેટાનિયમ-૭ નીજોગવાઇ મુજબ આંતરરાજય વ્યવહારો અંગે રજુ કરવાનાં થતાં ધારાકીય ફોર્મ 'સી' 'ઇ-૧', 'ઇ-ર' અને 'એફ' વેપારીએ સબંધિત ટેક્ષ પીરીયડ પૂરો થયા પછીના ત્રણ માસમાં સબંધિત ઘટક કચેરીમાં રજુ કરવાનાં થાય છે. આવા ફોર્મ રજુ કરવા માટે વધુ સમય આપવા વેપારીઓ તેમજ વેપારી સંગઠનો દ્વારા રજુઆતો કરવામાં આવતાં વર્ષ ૨૦૦૬-૦૭ ના વ્યવહારો માટે આવા ફોર્મ્સ રજુ કરવાની જોગવાઇઓમાં છૂટછાટ આપતો સંદર્ભનો જાહેર પરિપત્ર તા.૧૯.૨.૨૦૦૯ ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવેલ હતો.

વર્ષ ૨૦૦૭-૦૮ ના વ્યવહારો માટે પણ આવા ફોર્મ રજુ કરવા માટે વધુ સમય આપવા વેપારીઓ તેમજ વેપારી સંગઠનો દ્વારા રજઆતો કરવામાં આવેલ છે.

આ રજુઆતો અન્વયે પુખ્ત વિચારણાના અંતે આવા ફોર્મ રજુ કરવાની હાલની જોગવાઇઓમાં છૂટછાટ આપવામાં આવે છે જે મુજબ વેપારીઓએ તેમણે

મેળવેલ ધારાકીય ફોર્મ્સની યાદી આ સાથે સામેલ નમુના મુજબ સબંધિત ઘટક કચેરીમાં તા.૩૦/૬/૨૦૦૯ સુધીમાં રજુ કરવાની રહેશે.

ફોર્મ્સ રજુ કરવા અંગેની છુટછાટો માટેની અન્ય શરતો અને સુચનાઓ સંદર્ભના પરિપત્ર મુજબ યથાવત રહેશે.

સહી/-
(પી.કે.પૂજારી)
વાણિજ્યિક વેરા કમિશનર
ગુજરાત રાજય, અમદાવાદ

<u>નકલ સવિનય રવાના : (માર્ગદર્શન તથા જરૂરી કાર્યવાહી સારૂ)</u>

૧. અધિક સચિવશ્રી (કર),નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગરને બે નકલમાં
૨. વાણિજ્યિક વેરા કમિશનરશ્રીના રહસ્ય સચિવશ્રી,ગુ.રા.,અમદાવાદ
૩. ખાસ વાણિજ્યિક વેરા કમિશનરશ્રીના રહસ્ય સચિવશ્રી ગુ.રા.,અમદાવાદ
૪. અધિક વાણિજ્યિક વેરા કમિશનરશ્રીના અંગત મદદનીશશ્રી,ગુ.રા.,અમદાવાદ
૫. સઘળા અધિક વાણિજ્યિક વેરા કમિશનરશ્રી,ગુ.રા., અમદાવાદ
૬. સઘળા સંયુકત વાણિજ્યિક વેરા કમિશનરશ્રી, ગુ.રા.,અમદાવાદ
૭. સઘળા નાયબ વાણિજ્યિક વેરા કમિશનરશ્રી, ગુ.રા., અમદાવાદ
૮. સઘળા સહાયક વાણિજ્યિક વેરા કમિશનરશ્રી, ગુ.રા., અમદાવાદ
૯. સઘળા વાણિજ્યિક વેરા અધિકારીશ્રી, ગુ..રા.,અમદાવાદ
૧૦. આ કચેરીની સઘળી શાખાઓ તરફ
૧૧. ૧૦ નકલ મહાપાત્ર તાલીમ શાખાને
૧૨. ૧૦ નકલ દફતર શાખાને
૧૩. ૧૦ નકલ જનસંપર્ક શાખાને
૧૪. એકાઉન્ટ જનરલ અમદાવાદ તરફ
૧૫. ઇ-ગવર્નન્સ સેલને વેબસાઇટ પર મૂકવા અર્થે
૧૬. સઘળા નોંધાયેલ એસોસીએશન તરફ
(ઉપરોકત બાબત આપના મંડળના સભાસદોના ધ્યાન પર લાવી આભારી કરશોજી)

સહી/-

(એન.સી.અંધારીયા)
સંયુકત વાણિજ્યિક વેરા કમિશનર (કાયદા)
ગુજરાત રાજય, અમદાવાદ

STATUTORY FORMS DETAILS

CST NO.

QUARTER ENDING ON :

YEAR :

NAME OF THE DEALER :

STATUTORY FORMS RECEIVED:

Details of Form 'C' Received

Sr. No.	Form No.	Sale Invoice No.	Invoice Date	Name of Purchaser	CST No. of Purchaser	Net Amount	Tax Amount	Total Amount
					TOTAL			

Details of Form 'F' Received

Sr. No.	Form No.	consignment Invoice No.	Invoice Date	Name of consignee	CST No. of consignee	Net Amount
					TOTAL	

Details of Form 'E-I/E-II' Received

Sr. No.	Form No.	Sale Invoice No.	Invoice Date	Name of Purchaser	CST No. of Purchaser	Net Amount	Tax Amount	Total Amount
					TOTAL			

Calculation for the statutory forms not received & amount paid

Sr. No.	Type of Forms	Amount	Rate of Tax *	Amount of Tax	Amount Paid	Date
1	C					
2	F					
3	E-I / E-II					
	TOTAL					

* Rate applicable under the local law